# અમદાવાદમાં ખોખરા બ્રિજનો હિસ્સો તુટી પડ્યો

## સદનસીબે મોટી ખુવારી ટળી જતાં તંત્રને રાહત થઈ : ઉત્તરપ્રદેશના સુરેશ તરીકે ઓળખાયેલા એક વ્યક્તિને બનાવમાં થયેલી ઈજા તપાસનો આદેશ કરાયો : ૫૫ વર્ષ જુના બ્રિજનો હિસ્સો તુટવાને લઈને ચર્ચા

અમદાવાદ, તા.૩

અમદાવાદ શહેરના કાંકરીયા વિસ્તારમાં આવેલા ખોખરા રેલવે બ્રિજનો એક વિશાળ આરસીસીનો સ્લેબ આજે સવારે એકાએક ધડાકા સાથે તુટી પડતા ભારે ખળભળાટ મચી ગયો હતો. જો કે, સદનસીબે આ બનાવમાં કોઈ ખુવારી થઈ ન હતી. એક વ્યક્તિને ઈજા થઈ હતી જેની ઓળખ કરી લેવામાં આવી છે. આ બનાવ આજે સવારે ૧૦ વાગે બન્યો હતો.

આ બનાવમાં ઈજા પામેલી વ્યક્તિની ઓળખ ઉત્તરપ્રદેશના સુરેશ તરીકે થઈ છે. સુરેશ બ્રિજ પરથી પસાર થઈ રહ્યો હતો તે પછી બ્રિજ હેઠળ રેલવે ટ્રેક ઉપર ચાલીને જઈ રહ્યો હતો. તે અંગેની વિગતને લઈને ગુંચવણભરી સ્થિતિ રહી હતી. આ બનાવ બન્યા બાદ સમગ્ર અમદાવાદ શહેરમાં આ બનાવને લઈને ભારે ચર્ચા શરૂ થઈ ગઈ હતી. આ બનાવ બન્યા બાદ ખુબ જ વ્યસ્ત રહેતા આ બ્રિજ પર ટ્રાફિક જામની સ્થિતિ પણ સર્જાઈ હતી. લોકો ઉત્સુકતાપૂર્વક જોવા માટે ઉભા રહી ગયા હતા. આશરે ૫૫ વર્ષ જુનો ખોખરા બ્રિજ શહેરના કાંકરિયા વિસ્તારને અનુપન સિનેમા નજીક ખોખરા-અમરાઈવાડી સાથે જોડે છે. અમદાવાદ-મુંબઈ રેલવે લાઈન ઉપર આ બ્રિજ રહેલો છે. રેલ્વે ઓવરબ્રિજનો સ્લેબ તુટી પડવાની જાણકારી મળતા જ મ્યુનિસિપલ કમિશનર ડી.થારા સહિતના ઉચ્ચ અધિકારીઓ અને ફાયરબ્રિગેડનો કાફલો ઘટના સ્થળ પર દોડી ગયા હતા.

સીટી મ્યુનિસિપલ કમિશનર થારાએ ઘટના સ્થળે પહોંચ્યા બાદ પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, બ્રિજનો મુખ્ય હિસ્સો બિલકુલ સુરક્ષિત છે. છતાં આને ટ્રાફિક માટે બંધ કરવામાં આવ્યો છે. રેલવે પાસેથી સેફટી સર્ટિફિકેટ મળી ગયા બાદ જ આને ફરીવાર ખોલવામાં આવશે. થારાએ એમ પણ કહ્યું હતું કે, આ બ્રિજના હિસ્સાની જાળવણીની જવાબદારી રેલવેની રહેલી છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, શહેરમાં આવા ત્રણ બ્રિજ રહેલા છે. અન્ય બે બ્રિજમાં અસારવા અને કાલુપુર બ્રિજનો સમાવેશ થાય છે. તેમણે ઉમેર્યું હતું કે, આ જુના બ્રિજ છે અને કાલુપુર બ્રિજ ઉપર રેટ્રો ફિટિંગની કામગીરી હાલમાં ચાલી રહી છે અને પરિસ્થિતિ ઉપર નજર રાખવાની શરૂઆત કરી હતી. વિશાળ સ્લેબ તરફનો પેરાફિટ અને ફુટપાથનો આશરે ૫૦ મીટર લાંબો સ્લેબ તુટી પડ્યો છે. તુટી પડેલા ભાગનું નિર્માણ રેલ્વે સત્તાવાળાઓએ કર્યું હોવાથી વ્યવહાર ખોરવાયો હતો. જો કે આ ઘટનામાં કોઈ જાનહાની થઈ નથી. જે ભાગ કોર્પોરેશનની જવાબદારીમાં આવે છે તે ભાગમાં કોઈ નુકશાન



તુટી પડવાના સંદર્ભમાં અધિકારીઓએ માહિતી પણ મેળવી હતી. બનાવ અંગે દક્ષિણ ઝોનનાં ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર સી.આર.ખરસાણે જણાવ્યું હતું કે, ખોખરા અનુપમ બ્રિજનો રેલ્વે આ દુર્ઘટનાની તપાસ રેલ્વે તંત્ર દ્વારા કરવામાં આવશે.બીજી બાજુ દોષારોપણ રમત મોડેથી શરૂ થઈ હતી. ફાયરબ્રિગેડનાં ચીફ ઓફિસર એમ.એફ.દસ્તૂરએ જણાવ્યું હતું કે, સ્લેબ રેલ્વે ટ્રેક પર તુટી પડતા ટ્રેન થયું નથી. તેવું મ્યુનિસિપલ કોર્પોરેશનના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર આઈ કે પટેલે જણાવ્યું હતું. તેમજ આ અંગે કોર્પોરેશનના અધિકારીઓ નુકસાન અંગે તપાસ કરી રહ્યા છે.

## વિદેશી મહેમાનોનું આગમન...શિયાળાની એંધાણી



શિયાળાની શરૂઆત થતાં જ વિદેશી મહેમાનોનું આગમન શરૂ થઈ જાય છે. કાબરની પ્રજાતિ જેવું આ પક્ષી યુરોપના દેશોમાંથી આવે છે. જેનું અંગ્રેજી નામ 'રોઝી સ્ટર્લીંગ' છે. ગુજરાતીમાં આપણે તેને 'વૈયા' તરીકે ઓળખીએ છીએ. કાબર જેવો અવાજ અને કાબરની જેમ જ ગૃપમાં રહેનાર આ આંગણાનું પક્ષી છે. જાણે આપણી કાબરોની મહેમાનતગિ માણવા આવ્યું હોય તેમ આ પક્ષી કાબરોના જૂથ સાથે રહે છે. શિયાળાની શરૂઆતમાં સૌથી પહેલા આપણે ત્યાં પધારનાર આ મહેમાન અને સૌથી છેલ્લે જનાર આ પક્ષી આજકાલ ગાંધીનગર શહેરની શોભા વધારી રહ્યું છે. **(તસવીર : નિકુંજ પી વૈશ્યક)**

## શામળાજીના પાલ્લા પાસે બસ-જીપ ટકરાતાં ૧નું મોત

શામળાજી નજીકના પાલ્લા ગામ નજીક ગુરૂવારે સાંજના સુમારે જીપ-બસ વચ્ચે અકસ્માત થતાં જીપચાલકનું કમકમાટીભર્યુ મોત નિપજ્યુંહતું. ૨૦ મુસાફરો ઈજાગ્રસ્ત ઘાયલ થતા ૧૦૮ દ્વારા શામળાજી અને ભિલોડા હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા. વડોદરાથી ઈડર જતી બસ (ગાડી નં. જીજે-૧૮-યુ-૭૭૭૯)ના ચાલકે ગફલતભરી રીતે બસ હંકારી ભિલોડાથી શામળાજી આવતી જીપ (ગાડી નં. જીજે૯-બીડી-૦૩૫૬)ને ધડાકાભેર અથડાવી દેતા જીપચાલક ધર્મેન્દ્રપ્રકાશ ડુંડ (રહે. ડોડીસરા), તા. ભિલોડાનુંઘટનાસ્થળેમોત નિપજ્યુંહતું. એસ.ટી બસમાં મુસાફરી કરી રહેલા ૨૦થીવધુ મુસાફરો ઈજાગ્રસ્ત થતા ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા શામળાજી અને ભિલોડા ખાતે સારવાર અર્થે ખસેડાયા હતા.

## પ્રાંતિજમાં સેનીટેશન અંગે તાલીમ યોજાઈ

પ્રાંતિજ, તા. ૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના વદરાડ ખાતે ગુજરાત ઈકોલોજી કમિશન, ગુજરાત, ગાંધીનગર દ્વારા ઘનકચરા નિકાલ વ્યવસ્થાપન અને સેનીટેશન અંગે તાલીમ યોજાઈ હતી. જેમાં ગામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

વદરાડ પ્રાથમિક શાળા નં.૧માં ગાંધી જયંતિ નિમિત્તે સ્વચ્છતા અંગેના તાલીમ કાર્યક્રમો યોજાયા હતા. જેમાં ડોક્યુમેન્ટ્રીફિલ્મ, તજજ્ઞો દ્વારા માર્ગદર્શન, પોસ્ટર પ્રદર્શન તથા માહિતી પુસ્તિકા તેમજ પર્યાવરણની જાળવણી અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં સરપંચ, પંચાયતના સભ્યો, સખીમંડળ, આંગણવાડી કાર્યકરો, આશાવર્કર બહેનો સહિત ગામજનો પણ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ઘનકચરા વિશેની જરૂરી માહિતી પણ આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એક્શન ગ્રુપ દ્વારા કરવામાં આવ્યું હતું.





શ્રીમદ્ ભાગવત સપ્તાહનું આયોજન તારીખ ૩૦ સપ્ટેમ્બરના રોજથી સેકટર-૨-બી ખાતે કથાકાર શ્રી મુકુંદભાઈ શાસ્ત્રીના કંઠે દરરોજ ૪થી ૬ દરમિયાન કરવામાં આવ્યું છે. આ સપ્તાહમાં પ્રથમ વખત સાજીંદાઓ વિના જ ગીતો ગવાઈ રહ્યા છે. (તસવીર : કશ્યપ નિમાવત)

## પાલનપુરમાં વિદ્યાર્થિનીઓને સ્વરક્ષણની તાલીમ અપાઈ

પાલનપુર, તા. ૩

પાલનપુર ખાતે ગતિશીલ ગુજરાત અને સુરક્ષાસેતુ સોસાયટી બનાસકાંઠા જિલ્લા દ્વારા આર્યોદય ચેરીટેબલ ટ્રસ્ટ, ગાંધીનગરના સહયોગથી પાલનપુર ખાતે જુદી જુદી શાળા કોલેજોની ૩૫૦૦ જેટલી બહેનોને સ્વરક્ષણની તાલીમ અપાઈ હતી. સ્વરક્ષણની તાલીમમાં જુડો-કરાટે બ્લેક બેલ્ટ એવી કુ. કિલ્લોલ સાપરિયાના માર્ગદર્શન હેઠળ પ્રશિક્ષકો પીનલ પંચાલ, સંગીતા ઠાકોર, પીન્કી પટેલ, પૂજા પ્રજાપતિ, આશા દેસાઈ, કુ. વિણા ખુશબુ દ્વારા આપવામાં આવી હતી. સ્વરક્ષણ તાલીમના અંતિમ ચરણમાં તાલીમ મેળવેલ બહેનોને પ્રમાણપત્ર એનાયત કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં બનાસકાંઠા જિલ્લાના નાયબ પોલીસ અધિક્ષક ચાવડા, પીઆઈ મેવાડા, આર્યોદય ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ કિલ્લોલ સાપરિયા, શાળાના આચાર્ય, શિક્ષકગણ વગેરે ઉપસ્થિત રહી તાલીમ મેળવેલ બહેનોને પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમમાં તાલીમ મેળવેલ બહેનો દ્વારા સેલ્ફ ડીફેન્સ ટેકનીક્સનું નિદર્શન બતાવવામાં આવ્યું હતું.

કાર્યક્રમનું સફળ સંચાલન આર્યોદય ચેરીટેબલ ટ્રસ્ટના પ્રીતી હરજીવનભાઈ પટેલે કર્યું હતું.

## ગાંધીનગર આર.આર. સેલની ટીમે રાણા સૈયદ બાયપાસ ચોકડી નજીક કારમાંથી ૮ લાખનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો

મોડાસા, તા. ૩

મોડાસા શહેરના રાણાસૈયદ વિસ્તારમાં મોડાસા-ધનસુરા માર્ગ પર બાયાપાસ ચોકડી નજીકથી શનિવારે બપોરના સુમારે ગાંધીનગર આર.આર. સેલની ટીમે અરવલ્લી જિલ્લા પોલીસને અંધારામાં રાખી મારૂતિ કારમાંથી ગેરકાયદેસર વિદેશી દારૂ ઝડપી પાડી એક્સ આર્મીમેનની ધરપકડ કરી હતી. આર.આર. સેલ. ગાંધીનગરની ટીમ દ્વારા મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરી હતી. મોડાસા ટાઉન પોલીસે પ્રોહીબેશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી અન્ય બે આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

મોડાસા શહેરના રાણાસૈયદ વિસ્તારમાં બાયપાસ ચોકડી નજીક શનિવારે બપોરે ૧ વાગ્યાના સુમારે ગાંધીનગર આર.આર.સેલની ટીમ દ્વારા બાતમીના આધારે શામળાજી અને મોડાસા શહેર તરફથી આવતા વાહનોનું સઘન ચેકિંગ હાથ ધરતાં બાયપાસ વિસ્તારમાંથી હરિયાણાના એક્સ આર્મીમેનની એરફોર્સ લખેલી મારૂતિ એસએક્સ-૪ કારની તલાશી લેતા કારની અંદરના ભાગમાં સંતાડેલો વિદેશી દારૂની હાઈક્વોલેટીની જુદી જુદી બ્રાન્ડની બોટલો નંગ ૨૨૪ જેની કિંમત રૂ. ૮૭૩૬૦૦નો જથ્થો



ઝડપી પાડ્યો હતો. હરિયાણાના એક્સ આર્મી મેને જોગીન્દરસીંગ હુડમચંદ ખત્રી (રહે. વેસ્ટ રામનગર, સોનીપત હરીયાણા)ની ધરપકડ કરી એસએક્સ ફોર કાર (ગાડી નં. જીજે૧ કેક્યુ ૩૧૮૯)ની કિંમત રૂ. ૫૦૦૦૦૦ તથા મોબાઈલ કિંમત રૂ. ૫૦૦ તથા આરોપીનું ડ્રાઈવીંગ લાયસન્સ, આધારકાર્ડ તથા એરફોર્સનું આઈકાર્ડ અને કેન્ટીનકાર્ડ જપ્ત કરી કુલ રૂ. ૧૩૭૪૧૦૦નો મુદ્દામાલ જપ્ત કરી આરોપીની ધરપકડ કરી હતી. આ ગુન્હામાં અન્ય મદદગારી કરનાર આરોપી મનીન્દરસીંગ ઉર્ફે મોનુ સરદાર (રહે. દિલ્હી) તેમજ એક્સ આર્મી દ્વારા અમદાવાદના બુટલેગર વિજુભાઈ પટેલ ઉર્ફે વ્રજેશ પટેલ (અમદાવાદ)ના ત્યાં પહોંચાડવાનો હોવાથી ત્રણેય આરોપીઓ વિરૂદ્ધ પ્રોહીબેશન એક્ટ હેઠળ ગુનો નોંધી ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા હતા.

## બિઝનેસને લાયક નથી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિજ્ઞાપનની દુનિયા એક અરીસાની કામગીરી બજાવે છે અને તેમાં સમાજનું પ્રતિબીંબ પડે છે.

તેમણે જણાવ્યું કે 'સંસ્થાનો માલિક મૂલ્યનું સર્જન કરે છે અને ૨ અને ૨ નું પરિણામ, ૪ ને બદલે ૨૨ આપે છે. દર ૬ મહિને સપનાં, અભિગમ અને ટેકનોલોજી બદલાય છે અને એ પ્રકારે તમારાં વિજ્ઞાપનો પણ બદલાવાં જોઈએ.'

'એએસીએ મિડીયા એવોર્ડઝ'ને કેન્દ્ર સ્થાને રાખીને સૌ પ્રથમ વાર ફેસ્ટીવલ ઓફ એડવર્ટાઈઝીંગનું આયોજન કરાયું હતું. શ્રેષ્ઠ વિજ્ઞાપન એજન્સીઓ એકજૂટ થઈ હતી. અને એ દ્વારા શહેરનાં આ ક્ષેત્રનાં ઉત્તમ જાણીતાં નામોની સર્જકતાની કદર કરાઈ હતી.

અમદાવાદ એડવર્ટાઈઝીંગ સર્કલ એસોસિએશન વિજ્ઞાપને ક્ષેત્રને સાર્થક શૈલીથી એક ભવ્ય કાર્યક્રમનું કરી રહ્યું છે. આ સૌ પ્રથમ ફેસ્ટીવલ ઓફ એડવર્ટાઈઝીંગની મહત્વની વિશેષતા 'એએસીએ મિડીયા એવોર્ડઝ ૨૦૧૫' બની રહેશે.

અમદાવાદ એડવર્ટાઈઝીંગ સર્કલ એસોસિએશનના પ્રેસિડેન્ટ શ્રી અજીત શાહ જણાવે છે કે 'એએસીએ હાલમાં રજતજયંતિ વર્ષ ઉજવી રહ્યું છે અને આ એવોર્ડ સમારંભ ગુજરાતના વિજ્ઞાપન સમુદાયને સમર્પિત કરાયો છે. આ સમારંભમાં ઉદ્યોગ જગતના અગ્રણીઓ ઉપરાંત પ્રસિદ્ધ નેશનલ અને ઈન્ટરનેશનલ બ્રાન્ડઝ માટે યોગદાન આપનાર ઘણા સ્ટાર્ટ-અપે પણ ભાગ લીધો હતો. 'એએસીએ મિડીયા એવોર્ડઝ-૨૦૧૫' દ્વારા ઉદ્યોગની શ્રેષ્ઠ અને ક્રિએટીવ કામગીરીની કદર કરવામાં આવી છે. આ વિશિષ્ઠ એવોર્ડઝને વિવિધ કેટેગરીઝમાં વહેંચી નાખવામાં આવ્યા હતા. અને વિજ્ઞાપન એજન્સીઓનું તેમના આ ક્ષેત્રે યોગદાન બદલ બહુમાન કરવામાં આવ્યું હતું.' આ એએસીએની ભવ્ય એજન્સીઓ જ આ એવોર્ડ મેળવવા માટે માન્ય ગણવામાં આવી હતી.

આ ભવ્ય એવોર્ડ સમારંભ માટે ૩૫ થી વધુ મોખરાની વિજ્ઞાપન એજન્સીઓની ૬૦૦ જેટલી એન્ટ્રીઝ આવી હતી. એકંદરે ૩૪ કેટેગરીઝ માટે એવોર્ડઝ અપાયા હતા. એનાયત કરાયેલા એવોર્ડમાં ૧૬ સુવર્ણ એવોર્ડ હતા જ્યારે ૧૮ રજત એવોર્ડ અપાયા હતા.

## ભાવ વધશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અધિકારીઓએ જણાંવ્યુ હતુ કે કંપની ગ્રાહકો સાથે લાંબાગાળાના સંબંધો સ્થાપવામાં માને છે. આવાસ હોમ શો જેવી પહેલના લીધે તહેવારોનાની સિઝનમાં ગ્રાહકો અને ડેવલોપર્સને લાભદાયી બની રહેશે.ગાંધીનગર વિસ્તારમાં મિલ્કત વસાવવાનો શ્રેષ્ઠ સમય છે. પ્રોપર્ટી ક્ષેત્રે ઉજ્જવળ ભવિષ્ય દેખાઈ રહ્યુ છે. આ તબકકે બિલ્ડરો દ્વારા પણ એવો દાવો કરવામાં આવ્યો હતો કે ટી પી ૯ માં ૨૦ હજારથી પણ વધુ મકાનો તૈયાર કરવામાં આવ્યા છે.કોબા ગાંધીનગર માર્ગનો વિકાસ પણ ઝડપથી થઈ રહયો છે. આ વિસ્તારમાં પણ અનેકવિધ વિકાસના નવા પ્રોજેકટો અસ્તિત્વમાં આવ્યા છે. આ શો માં નગરના ૧૧ જેટલા ડેવલપર્સે ભાગ લીધો છે. જેમાં શ્રી રંગ નેનોસીટી ,સ્થાપન ઈન્ફા પ્રોજેકટ,વૃન્દાવન સેસીડન્સી ,કેસરીનંદન વાટીકા, સ્વાગત ઈન્ફાસ્ટ્રકચરક, અક્ષરવીલા,ઉપાસના ઈન્ફા પ્રોજેકટ, શ્રી રીયલ એસ્ટેટ ડેવલપર્સ, દેવનંદન ગ્રુપ તેમજ સહાજાનંદ ગ્રુપ સહીતના ડેવલપર્સ જોડાયા છે.

## બે નવાં સ્કુટર્સ 'ડ્યુએટ' અને 'માઈસ્ટ્રો એજ'ની રજૂઆત દ્વારા હીરોનો નવા યુગમાં પ્રવેશ

અમદાવાદ, તા. ૩૦

'ડ્યુએટ અને માઈસ્ટ્રો એજની રજૂઆત સાથે હીરોએ રોમાંચક પ્રવાસના હવે પછીના તબક્કામાં પ્રવેશ કર્યો છે. વર્ષો સુધી ભરોસાપાત્રતા, ગતિશિલતા અને કાર્યક્ષમતાને સાકાર કરનાર આ પ્રતિષ્ઠિત બ્રાન્ડની ઉત્ક્રાંતિનો આ નવો તબક્કો છે. અમારી ટેકનોલોજી અને ઈનોવેશન દ્વારા ઈન-હાઉસ વિકસાવાયેલી ડ્યુએટ અને માઈસ્ટ્રો એજની રજૂઆતને ગ્લોબલ મોબીલીટી પાવર હાઉસ બનવાની અમારી અથાક સફરનું મહત્વનું સિમાચિન્હ છે.'

'આ નવી પ્રોડક્ટસ એ વિશ્વ સ્તરની સંશોધન અને વિકાસ વ્યવસ્થા સ્થાપવાના સતત ચાલુ રહેતા પ્રયાસોનું પરિણામ છે અને તે ભારતમાંથી પ્રોડક્ટ્સનું નિર્માણ કરશે. આ પ્રોડક્સ માત્ર હીરો પ્રોડક્ટસ નથી તે નથી તે ભારતને તેની ઈજનેરી અને ઈનોવેશન ક્ષમતા સાથે રજુ કરે છે. વિશ્વના અગ્રણી ટુ-વ્હિલર ઉત્પાદક તરીકે અમે ગ્રાહકો મહદ્અંશે જે ઈચ્છે તે તેની સાથે સૂર મિલાવીએ છીએ અને એ દ્વારા અમે સ્કુટર્સના ક્ષેત્રે ગેમ ચેન્જર પુરવાર થાય તેવી પ્રોડક્ટસ રજૂ કરી છે. ડ્યુએટ અને માઈસ્ટ્રો એજ હીરોનાં મહત્વપૂર્ણ મૂલ્યોને આકાર આપે છે. અને ટેકનોલોજીકલ સર્વોપરિતા અને યુવા લાક્ષણિકતા ધરાવતી અપીલ રજૂ કરે છે. આ માત્ર એક શરૂઆત છે. અમે મોટરસાયકલ અને સ્કુટર્સના પ્રોડક્ટસ લાઈન-અપની રોમાંચક રેન્જ રજૂ કરી રહ્યા છીએ અને અમે જે બજારોમાં કામગીરી ધરાવીએ છીએ ત્યાં અમારો ગ્રાફ ઉંચો રાખશે.'

## દુષ્કાળની સ્થિતિ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભારતીય હવામાન વિભાગ દ્વારા તમામ જિલ્લા તરફથી આંકડા મોકલી દેવામાં આવ્યા છે. હવામાન વિભાગને આંકડા મોકલી દેવામાં આવ્યા છે. ઉત્તરપૂર્વ અને જમ્મુ કાશ્મીરમાં રહેલા ૨૭ જિલ્લામાંથી હજુ સુધી આંકડા હજુ સુધી મળી શક્યા નથી. ૩૬ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો પૈકીના ૧૮ રાજ્યોને અસર થયેલી છે. આ રાજ્યો પૈકી કેટલાક અનાજ ભંડાર રાજ્યો પણ છે. જેમાં પંજાબ, હરિયાણા, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, બિહાર જેવા રાજ્યોનો સમાવેશ થાય છે. આ તમામ રાજ્યોમાં વસ્તી પણ સૌથી વધારે છે. આ તમામ રાજ્યો કૃષિ પર મોટા ભાગે આધારિત છે. સરકાર અને રીઝર્વ બેંક દ્વારા આવનાર દિવસોમાં પણ કેટલાક નવા પગલા લેવામાં આવી શકે છે. છેલ્લે આ પ્રકારના દુકાળની સ્થિતી વર્ષ ૨૦૦૯માં જોવા મળી હતી. એ વખતે ૩૩૮ જિલ્લામાં અસર જોવા મળી હતી. તે પહેલા વર્ષ ૨૦૦૨માં ૩૮૩ જિલ્લામાં દુકાળની સ્થિતી રહી હતી. વર્ષ ૨૦૧૪માં ઓછા વરસાદના કારણે અસરગ્રસ્ત જિલ્લાની સંખ્યા ૧૦૫ નોંધાઇ હતી. કેટલાક અન્ય પરિબળો રહેલા છે. દેશમાં હાલમાં ૯૧ મોટા જળ સરોવર છે. જૈપૈકી વર્તમાન સ્ટોરેજ ક્ષમતા તેમની કુલ લાઇવ સ્ટોરેજ ક્ષમતા કરતા ૬૧ ટકા જેટલી છે.આ વર્ષે સપ્ટેમ્બરમાં સ્થિતિ ચિંતાજનક રહી હતી. ઓછા વરસાદ બાદ ઘણી ચીજવસ્તુઓના ભાવમાં સીધી અસર થઇ શકે છે. દક્ષિણના વિસ્તારોમાં છેલ્લા દશકમાં હાલત કફોડી રહી છે. ૩૬ વેધર સબ ડિવિઝન પૈકી ૧૭માં ઓછો વરસાદ નોંધાયો છે.

## સ્વચ્છતા અભિયાન...

● ત્રીજા પાનું ચાલુ

આપણે સ્વચ્છ ભારત અભિયાનમાં કામે લાગી જઈએ. સંશોધન નિયામકશ્રી ડૉ. ડી.બી. પાટીલે જણાવ્યું હતું કે લોકોમાં પ્લાસ્ટિકના ઉપયોગ અંગેની જાગૃતતાના અભાવે રસ્તા ઉપર ફેંકી દીધેલી પ્લાસ્ટિકની કોથળીઓ પશુઓના પેટમાં જવાથી પશુઓના સ્વાસ્થ્યને નુકસાન પહોંચે છે અને પશુ ચિકિત્સકો દ્વારા સર્જરી જ એક માત્ર વિકલ્પ રહે છે. આ કાર્યક્રમમાં ડૉ. બી.એન. પટેલે કાર્યક્રમની મહત્તા ઉપર ભાર મુકી અહિંસા તેમજ શાંતિ માટેની પ્રતિજ્ઞા ઉપસ્થિતજનોને લેવડાવેલ.

આ સ્વચ્છતા કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગરપાલિકાનો સહયોગ સાંપડયો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા કામધેનુ યુનિ.ના વિદ્યાર્થીઓ તથા સ્ટાફ સર્વેએ શ્રમદાન કરી આજના દિવસને સાર્થક બનાવ્યો હતો.

**Change of Name**

I have changed from old name Patel Sohinben Rasikal, New name Patel Sonalben Rasiklal

**Address : Nani Bhagol, At. po. ta. Prantij, Dist. Sabarkantha.**

**Change Surname**

I have changed my Surname from(Old name) - VELANI JAIMINKUMAR HIMMATLAL (New name) PATEL JAIMINKUMAR HIMMATLAL

**10-A, Patel Socirty, Khedbrahma, Dist. Sabarkantha**

ટચૂકડી જાહેર ખબર

**મહારાષ્ટ્ર પાંચ જ્યોર્તિલીંગ દર્શન**

તા. ૫/૧૦, સોમવારે રાત્રે ઉપડશે.

દિવસ-૭, રૂ. ૩૫૦૦/- રહેવા-જમવા સાથે

**સાઈરથ ટ્રાવેલ્સ,**

અમદાવાદ

**મો. ૯૪૨૬૩ ૮૪૧૮૫**